કિંમત રૂા- ૧૫

KNOWLEDGE • PEACE • LOVE
आत्मदा बलदा ऋतंभरा प्रज्ञा

# ઋતંભરા શક્તિદલ

અંક-૧૧૨

નારીના સર્વાંગી વિકાસ માટે કાર્યરત ઋતંભરા વિશ્વ વિદ્યાપીઠનું મુખપત્ર

ઓક્ટોબર/નવેમ્બર ૨૦૧૯

દિપોત્સવી અંક






किस ओर के राहबर रहे आप 'किशोरभाई' ?
जिस ओर से 'महावीर' का ॐकार निकला था ।

# કિશોરભાઇ સંઘવી - પરિવાર, મિત્રો અને મહાનુભાવો સાથે - તેમજ યાદગાર પ્રસંગોની ઝલક




વડોદરા-મિયાગાંવ ખાતે હોમીયોપેથી કોલેજના ઉદ્ઘાટન વખતે - ત્યારના ગુજરાતના મુખ્યપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીનું સન્માન કરતા શ્રી કિશોરભાઇ



વડોદરા-મિયાગાંવ ખાતે હોમીયોપેથી કોલેજના ઉદ્ઘાટન વખતે - ત્યારના ગુજરાતના મુખ્યપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીની સાથે વાર્તાલાપ કરતાં શ્રી કિશોરભાઇ



શ્રી બી.કે. સંઘવી મેમોરિયલ લેક્ચરમાં મુખ્ય અતિથી માનનીય ન્યાયમૂર્તિ શ્રી બી.એન. શ્રીકૃષ્ણનુ સન્માન કરતા શ્રી કિશોરભાઇ સંઘવી.



સંસ્થાના કાર્યક્રમમાં ચેરપરસન પદ્મભૂષણ શ્રીમતી પૂર્ણિમાબેન પકવાસા ઓડિયન્સને સંબોધે છે ત્યારે તેમની સાથે શ્રી દીપકચંદભાઇ ગારડી (પ્રમુખ), અને અન્ય ટ્રસ્ટીઓ સાથે શ્રી કિશોરભાઇ




સંસ્થાના ચેરપરસન પદ્મભૂષણ શ્રીમતી પૂર્ણિમાબેન પકવાસાના શતાબ્દિ સમારોહમાં તેમને સ્મૃતિચિન્હ અર્પણ કરતા શ્રી કિશોરભાઇ અને શ્રીમતી માલિનીબેન



સંસ્થાના ચેરપરસન પદ્મભૂષણ શ્રીમતી પૂર્ણિમાબેન પકવાસાના શતાબ્દિ સમારોહમાં સંસ્થાવતી તેમને સ્મૃતિચિન્હ આપતા શ્રી કિશોરભાઇ તેમજ શ્રી દીપકભાઇ ગારડી (પ્રમુખ), ટ્રસ્ટ ગિરીશભાઇ ડ્રેસવાલા



શ્રી બી.કે. સંઘવી મેમોરિયલ લેક્ચરમાં સર્વે મહાનુભાવો અને વિશેષ અતિથી તેમના ખાસ મિત્ર શ્રી મનહરલાલ શાહ (રુબી મિલ)ની સાથે



પ્રખ્યાત ઉદ્યોગપતિ અને મુંબઇ ના પૂર્વ શેરીફ ડૉ. શ્રી મોહનભાઇ પટેલની સાથે

## તંત્રીસ્થાનેથી...

જીવન મળવું - જીવી જવું
એ તો નસીબની જ બલીહારી છે,
મૃત્યુ ને ભેટવું તે સમય સમયનો સાથ છે,
સાચું જ છે,
મૃત્યુ પછી પણ સહુના હૃદયમાં જીવ્યા છે,
તે વડિલ કિશોરભાઇ,
તેઓશ્રીના જીવનમાં કરેલા સદ્કર્મની જ વાત છે.

શ્રી કિશોરભાઇ ભીમજીભાઇ સંઘવી તેઓની જીવન ઝરમર અને ઋતંભરા વિશ્વ વિદ્યાપીઠ દ્વારા શ્રધ્ધાંજલી પુષ્પો સ્નેહાંજલી રૂપે કવર પાનામાં વાંચવા મળશે.

તેઓના દેહાવસાન તારીખ ૨૯-૧૦-૨૦૧૯ બાદ તેઓશ્રીના કુટુંબ દ્વારા આપાયેલ પ્રાર્થના મહોત્સવ ઋતંભરા વિશ્વ વિદ્યાપીઠના પ્રાંગણમાં યોજાયેલ હતો તેમાં સંવેદના સંગીત શ્રી રૂપેશ વોરા સાથીઓ દ્વારા સુંદર ભાવાંજલી રૂપે રજૂ થયા હતા. તે સમયે 'શ્રમણત્વની ઝંખના' પાછળના પાનાઓમાં છપાયેલ છે.



તા.૩૧-૧૦-૨૦૧૯ના ઋતંભરા વિશ્વ વિદ્યાપીઠના મેદાનમાં શ્રી કિશોરભાઇની પ્રાર્થનાસભા આયોજાઇ હતી. તેમજ ઉચ્ચ જીવનમૂલ્ય કેવા હોવા જોઇએ તેની પ્રાર્થના સાથે રજૂઆત થઇ હતી.



પ્રાર્થનાસભામાં શ્રી કિશોરભાઇની સમાજસેવા અને કાર્યોની સુવાસ ને લીધે પરિવારજનોને સાંત્વના આપવા અને તેમને શ્રદ્ધાંજલિ આપવા માનવ મહેરામણ ઉમટી પડ્યો હતો.

પ્રાર્થના સભાના અંતે સદ્ગત શ્રી કિશોરભાઇ સંઘવીના પુત્ર શ્રી ઉમેશભાઇ સંઘવીએ સર્વે ઉપસ્થિતોનો, પરિવારવતી આભાર માનતા કહ્યું હતું કે ''પપ્પા આજીવન સર્વેને આપ્યા જ કર્યું છે. તેમના મૃત્યુને હું મહોત્સવ જ કહીશ કારણકે પપ્પાએ તેમની જિંદગીમાં જેવી ખેવના કરી હતી તેવું જ તેમનું દિવ્ય મૃત્યુ પણ તેમની ઇચ્છા મુજબ જ થયું. તેમની પવિત્ર યાત્રા ચાલુ થઇ ગઇ છે. આજે પપ્પા સદેહે ભલે આપણી વચ્ચે નથી પણ તેમનો વારસો, આદર્શ વિચારો, મૂલ્યો અને આશીર્વાદ આપણી સાથે જ છે.

બીજું તો શું કહું ? તેમણે જેટલા સત્કર્મો કર્યા છે તેના એક પાંદડા જેટલું પણ જો હું કરી શકું તો એ મારી પપ્પાને સાચી શ્રદ્ધાંજલિ ગણાશે.''

# ઋતંભરા વિશ્વ વિદ્યાપીઠના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી કિશોરભાઇ સંઘવી ને નતમસ્તક સ્નેહાંજલિ - શ્રદ્ધાંજલિ



**મા**ણસ કેટલું જીવ્યો છે એ નહીં પણ કેવું જીવ્યો છે એ મહત્વનું છે. સ્વ. કિશોરભાઇએ તેમના જીવનકાળમાં ખુબ સત્કર્મો તેમજ ધાર્મિક અને સમાજસેવાના કાર્યો કર્યા છે અને સમાજનો પ્રેમ સંપાદન કર્યો છે. ઋતંભરા વિશ્વ વિદ્યાપીઠના તેઓ મેનેજીંગ ટ્રસ્ટી ઇસ.૧૯૯૯થી હતા અને ઋતંભરાની માલિની કિશોર સંઘવી કૉલેજના પ્રણેતા પણ હતા. આ ઉપરાંત પણ તેઓ ઘણી સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા. તેમના જેવી બાહોશ, ઉદાર, દાનવીર અને સત્યનિષ્ઠ વ્યક્તિના જવાથી દરેક સંસ્થામાં એક ખાલીપો અનુભવાય રહ્યો છે. તેઓ શ્રી વિલેપાર્લે વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘના પ્રમુખ હતા. શેઠ દામજી લક્ષ્મીચંદ જૈન ધર્મસ્તાનકના ચેરમેન હતા. શ્રી મુંબઇ જીવદયા મંડળીના ટ્રસ્ટી હતા. તેમજ બીજી અનેક સંસ્થાઓ - 'જીતો', અખિલ ભારત જૈન સ્થાનકવાસી કોન્ફરન્સ, શ્રી બૃહદ મુંબઇ વર્ધમાન સ્થાનકવાસી મહાસંઘ, શ્રી બૃહદ મુંબઇ સ્થાનકવાસી જૈન આરાધના ધામ, શ્રીમતી માલિનીબેન કિશોરભાઇ સંઘવી વૈયાવચ્ચ કેન્દ્ર વિગેરેમાં પણ સંકળાયેલાં હતા અને સક્રિય ભાગ લેતા હતા.

તેમના જવાથી ઋતંભરા વિશ્વ વિદ્યાપીઠને - ન પૂરી શકાય તેવી - ખોટ પડી છે. સંસ્થામાં તેઓ ખૂબ જ કાર્યશીલ હતા અને સંસ્થાની પ્રગતિમાં તેમનો નોંધપાત્ર ફાળો હતો.

તેઓ સ્વભાવે શાંત, સહિષ્ણુ અને સત્યવક્તા હતા. કોઇપણ સમસ્યા આવે તો તેનો યોગ્ય ઉકેલ કાઢી તે સમસ્યાનું સમાધાન કરતા. સંસ્થાના અન્ય ટ્રસ્ટીઓ અને સ્ટાફ સાથે તેમના સંબંધો ખૂબ જ સુમેળભર્યા હતા.

તમનો જન્મ કેન્યાના મોમ્બાસા શહેરમાં ૧૯૩૫માં થયો હતો. તેઓ મોરબીના વતની હતા. તેમના પિતા શ્રી ભીમજીભાઇ સંઘવીનું નાની ઉંમરે અવસાન થયું ત્યારે કિશોરભાઇ હજી ઘણા યુવાન હતા. ભણવામાં અત્યંત તેજસ્વી હોવા છતાં પરિવારની જવાબદારી આવી પડી હોવાથી અભ્યાસ છોડી નોકરી સ્વીકારી અને ત્યારબાદ સ્વબળે પોતાની કુનેહ અને સખત મહેનતથી પોતાના કેમિકલના વ્યાપારને વિકસાવ્યો અને કેમિકલ ક્ષેત્રે આજે તેમની કંપની 'CHEMET'ની, એક અગ્રગણ્ય નામાંકિત કંપની તરીકે ગણના થાય છે.

જેમ જેમ તેઓ વેપારમાં સફળ થતાં ગયા તેમ તેમ તેમનું ધાર્મિક, મેડિકલ અને શૈક્ષણિક ક્ષેત્રે યોગદાન વધતું ગયું જેમાં ખાસ નોંધનીય છે - વડોદરા પાસે આવેલ મિયાંગામ, કરજણમાં સુમેરુ નવકાર તીર્થ અને શ્રીમતી માલિની કિશોરકાન્ત સંઘવી ચેરીટેબલ હોસ્પિટલ અને હોમિયોપેથી મેડિકલ કૉલેજની સ્થાપના - આ બંને પ્રોજેક્ટમાં શરુઆતથી લઇ પૂર્ણ કરવામાં સંપૂર્ણ આર્થિક સૌજન્ય કિશોરભાઇનું હતું. ઘણી સંસ્થાઓના વિકાસમાં તેમણે મદદ કરી અને કેટલાયે જરુરતમંદોને સહાય કરી છે. તેઓ હંમેશા કહેતાં કે ''સમાજે મને જે આપ્યું છે તેનું ઋણ ચૂકવવું એ મારી ફરજ છે.''


પિતાશ્રી ભીમજીભાઇ અને માતુશ્રી પ્રભાબેનના ધાર્મિક સંસ્કારો તો તેમને મળેલાં જ હતા તો સાથે તેમના ધર્મપત્ની માલિનીબેન પણ ખૂબ જ ધર્મિષ્ઠ એટલે બંનેએ સાથે સાથે અનેક યોગ, ધ્યાન અને ધાર્મિક શિબિરોમાં ભાગ લીધો અને અનુષ્ઠાનો કર્યા. કેટલાયે વર્ષોથી બંને જણા સાદું-સંયમી જીવન જીવતાં હતા. કુટુંબવત્સલ કિશોરભાઇના પરિવારજનો - પુત્ર ઉમેશભાઇ તથા તેમની દીકરીઓ મોનાબેન પર્લીબેન અને વિનસબેન પણ તેમની સાથે શિબિરોમાં ભાગ લેતાં. કિશોરભાઇના ઉચ્ચ વિચારો, સંયમી જીવનશૈલી અને સમાજમાં દરેકને સહાયતા કરવાની ભાવનાની તેમણે સર્વેનો ખૂબ આદર અને સ્નેહ પ્રાપ્ત કરેલ.

તેમના જીવનના દીર્ઘકાળમાં તેમણે ખુબ કાર્ય કર્યું. હંમેશા સત્યના માર્ગે ચાલ્યા અને ધર્મ, શિક્ષણ, સમાજ અને તબીબી ક્ષેત્રે ઘણું યોગદાન આપ્યું. આવી વ્યક્તિઓ વીરલ જ હોય છે. ઋતંભરા વિશ્વ વિદ્યાપીઠ અને તેની દરેક સંસ્થાઓ - સાપુતારાની ઋતંભરા કન્યા વિદ્યામંદિર, માલિની કિશોર સંઘવી કોલેજ તેમજ આર.એન. શાહ સ્કૂલ - તેમના આદરણીય વડીલ અને મેનેજીંગ ટ્રસ્ટી શ્રી કિશોરભાઇ સંઘવીને સ્નેહાંજલિ, આદરાંજલિ અને શ્રદ્ધાસુમન અર્પણ કરે છે.


|| અસ્તુ ||



શ્રી કિશોરભાઇ તેમના ધર્મપત્ની માલિનીબેન સંઘવી સાથે



પુત્ર ઉમેશભાઇ સંઘવી સાથે દંપતી



માલિનીબેન, પુત્ર ઉમેશભાઇ, પુત્રીઓ - મોનાબેન, પર્લીબેન, વિનસબેન ને જમાઇઓ કમલેશભાઇ તથા કેતનભાઇ સાથે



તેમના પૌત્ર - પૌત્રીઓ સાથે



માલિની કિશોર સંઘવી કોલેજને એજ્યુકેશનલ એક્સલેન્સ ના કાર્યક્રમમાં એવોર્ડ સ્વીકારતા શ્રી કિશોરભાઇ, શ્રીમતી માલિનીબેન, શ્રી ઉમેશભાઇ તથા પ્રિન્સિપાલ ડો. કૃષ્ણા ગાંધી સાથે અન્ય સભ્યો અને શિક્ષકો.



માલિનીબેન, પુત્ર ઉમેશભાઇ, પુત્રીઓ - મોનાબેન, પર્લીબેન, વિનસબેન અને જમાઇઓ કમલેશભાઇ સાથે



માલિની કિશોર સંઘવી કોલેજને નેશનલ એજ્યુકેશનલ એન્ડ હ્યુમન રિસોર્સ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન તરફથી ક્વૉલિટી બ્રાન્ડ ઇન્ડિયા કોલેજ એવોર્ડ - નેશનલ લેવલ ની વરણી થઇ ત્યારે એવોર્ડ સાથે શ્રી અશ્વિનભાઇ મહેતા, શ્રી કિશોરભાઇ સંઘવી, શ્રી અનુજભાઇ પકવાસા, ઉમેશભાઇ સંઘવી, દર્શનાબેન મહેતા, માલિનીબેન, મોના બેન, તથા પ્રિન્સિપાલ ડો. કૃષ્ણા ગાંધી



માલિની કિશોર સંઘવી કોલેજને બર્કશાયર મિડીયા પ્રા. લિ. (યુ.એસ.એ.) તરફથી નેશનલ લેવલ પર એજ્યુકેશનલ એક્સલેન્સ એવોર્ડ ની નવાજેશ થઇ ત્યારે એવોર્ડ સ્વીકારતાં શ્રી કિશોરભાઇ, શ્રીમતી માલિનીબેન, શ્રી ઉમેશભાઇ તથા પ્રિન્સિપાલ ડો. કૃષ્ણા ગાંધી



શ્રી કિશોરભાઇ સંઘવીના પાર્થિવ દેહને વિલેપાર્લે વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘના ઉપાશ્રયમાં જ્યાં તેઓ આજીવન પ્રમુખ હતા ત્યાં જવાયા હતા અને મહારાજ સાહેબ તથા મહાસતીજીએ તેમને ધર્મલાભ આપ્યો હતો



શ્રી કિશોરભાઇ સંઘવીના પાર્થિવ દેહને વિલેપાર્લે વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘના ઉપાશ્રયમાં ધર્મધજા ઓઢાડી તેમ... ...ર વિદાય આપવામાં આવી હતી.